વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વર્ષ ૨૬ : અંક ૭

વીર સં. ૨૪૯૫
વૈશાખ

# સંપાદકીય

વિદેહક્ષેત્રના જે તીર્થંકરભગવાનની વાણી કુંદકુંદાચાર્યદેવે સાક્ષાત્ સાંભળી...એ જ તીર્થંકરભગવાનની વાણીની પ્રસાદી આપણને આજે અહીં પ્રાપ્ત થાય છે-તે કેવી મહાન હર્ષની વાત છે! અહા, એ દિવ્યધ્વનિએ જે શુદ્ધાત્મા બતાવ્યો તે શુદ્ધાત્મા આજે પણ આપણે અંતરમાં જોઈ શકીએ અને એ રીતે તીર્થંકરભગવાનની વાણીનું રહસ્ય પામી શકીએ-એવો અપૂર્વ ઉપદેશ આજે એક ભાવિતીર્થંકર આપણને સાક્ષાત્ સંભળાવી રહ્યા છે. વાહ! આત્મહિત માટેનો કેવો અપૂર્વ સુયોગ મળ્યો છે!

શુદ્ધાત્મઅનુભૂતિ પ્રગટ કરવા માટે અત્યારે આપણે માટે શું વિદેહમાં ને ભરતમાં કાંઈ ફેર છે? કહાનગુરુની દેશના ઝીલ્યા પછી નિઃશંક રીતે આપણે કહી શકીએ કે ના; આત્મઅનુભૂતિ પ્રગટ કરવા માટે તો આપણે આજે વિદેહક્ષેત્ર કે ભરતક્ષેત્ર બંને સરખાં જ છે. કહાનગુરુના પ્રતાપે આત્મઅનુભૂતિ પ્રાપ્ત કરવાનું આપણને પણ વિદેહના જીવો જેવું જ સુગમ બની ગયું છે. અનુભૂતિનો માર્ગ બતાવીને ગુરુદેવે આ ભરતક્ષેત્રનું ગૌરવ વધાર્યું છે.....ને મહાવિદેહના એક નાનકડા ભાઈ જેવું તેને બનાવી દીધું છે. વિદેહથી આવેલા આ મહાત્મા દ્વારા ધર્મની આવી મહાન પ્રભાવના થતી દેખીને એ વિદેહના ધર્મપ્રેમી સાધર્મીઓ પણ ગૌરવ અનુભવતા હશે... કે વાહ! અહીંથી ગયેલા એ રાજકુમાર ભરતક્ષેત્રમાં જૈનધર્મની કેવી ઉન્નતિ કરી રહ્યા છે! અને ભરતક્ષેત્રના જીવો કેવા ભાવથી એમનો રત્નચિંતામણિજન્મોત્સવ ઉજવી રહ્યા છે! ખરેખર, ભરતક્ષેત્રને માટે તો એ ધર્મના રત્નચિંતામણિ જ છે.

અહો, સાધર્મીજનો! આવા રત્નચિંતામણિને પામીને આપણે તેમની પાસેથી મનોવાંછિત એવા ચૈતન્યચિંતામણિની પ્રાપ્તિ કરીએ.

ચૈતન્યરત્નચિંતામણિ એવા હે ગુરુદેવ! અમારા મનોરથ પૂરા કરોજી.

-હરિ




૧. સિદ્ધભગવંતો શુદ્ધઆત્માને ધ્યેય બનાવીને જ સિદ્ધ પરમાત્મા થાય છે.

૨. ચૈતન્ય ચિંતામણિ એવા નિજાત્માના ચિંતનથી જિનપદનો પ્રકાશ થાય છે.

૩. જેણે રાગ સાથેની સંધિ તોડી ને ઉપયોગ સાથે સંધિ જોડી, તે સાધક છે.

૪. જ્ઞાનાનંદ સ્વભાવ તરફ વળવું એ જ ભવરોગ મટાડવાની દવા છે.

૫. તીર્થંકરગગનમાં કેવળજ્ઞાનસૂર્યનો ઉદય થતાં મોક્ષસાધક ભવ્યકમળ પ્રફૂલ્લિત થયા.

૬. પોતામાં જ પરમાત્મપદ દેખ્યું તેને ભગવાન પાસે કાંઈ માંગવાની ઈચ્છા ન રહી.

૭. અનંતા કેવળજ્ઞાન અને સિદ્ધપદ આત્માના ભંડારમાં જ ભરેલા છે.

૮. રાગ વગર કાંઈ આત્મા મરી નહિ જાય, પણ આનંદમય જીવનથી જીવતો રહેશે.

૯. સ્વર્ગ મળે તે ધર્મનું ફળ નથી; ધર્મનું ફળ તો મોક્ષ છે.

૧૦. હે જીવો ! તમે સમ્યક્ત્વાદિ ભાવોને સાધો...ને મિથ્યાભાવોને છોડો.

૧૧. હે જીવ ! મોક્ષમાં જવા માટે શુદ્ધસમ્યક્ત્વને જ તારું સાથીદાર બનાવ.

૧૨. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રધારક મુનિવરો અને ધર્માત્માઓ પરમ સુખી છે.

૧૩. આનંદ સ્વભાવથી ભરેલો આત્મા જેની દ્રષ્ટિમાં ન આવે-તે ક્યાંથી સુખી હોય ?

૧૪. બડી ભક્તિપૂર્વક શુદ્ધાત્માની આરાધના કરવી તે જિનવાણીનો સાચો વિનય છે.

૧૫. અનંત ગુણસ્વરૂપ આત્મા પોતે પોતાના ધ્યાન વડે અનુભવમાં આવે છે.

૧૬. અશરીરી આત્મા અજ્ઞાનથી શરીરનો ભાર લઈને ચારગતિમાં ભમે છે, તે શરમ છે.

૧૭. દેહથી ભિન્ન અશરીરી ચૈતન્યને દેખતાં શરમજનક જન્મો ટળી જાય છે.

૧૮. ધ્યેય જ જેનું ખોટું હોય તેને સાચું ધ્યાન થઈ શકે નહિ.

૧૯. જેમાં ધર્મનું અવતરણ થાય તે સાચો ધર્મ–અવતાર છે.

૨૦. સિદ્ધભગવંતોનું સ્વરૂપ લક્ષમાં લેનારને આત્માનું શુદ્ધસ્વરૂપ લક્ષમાં આવે છે.

૨૧. સિદ્ધમાં જે છે તે મારું સ્વરૂપ; સિદ્ધમાં જે નહિ તે મારું સ્વરૂપ નહીં.

૨૨. સિદ્ધને પુણ્ય–હોય ? –ના; તો પુણ્ય તે આત્માનું સ્વરૂપ નથી.

૨૩. ભેદજ્ઞાન દ્વારા નિજસ્વરૂપની ઓળખાણ કરીને જીવ ભવસમુદ્રને તરે છે.

૨૪. શુદ્ધાત્માની સાચી શ્રદ્ધા તે મોક્ષનો સિક્કો છે.

૨૫. ધ્યાનસ્થ જૈનમુનિ એ પોતે સાક્ષાત્ મોક્ષમાર્ગ છે; તેને ઓળખતાં મોક્ષમાર્ગ ઓળખાય છે.

૨૬. જેના અંતરમાં રાગની ને પુણ્ય વિષયોની ઈચ્છા છે તેને સંસારની જ ઈચ્છા છે.

૨૭. મોક્ષની ભાવનાવાળો પુણ્યને ન ઈચ્છે, કેમકે પુણ્ય પણ સંસાર છે.

૨૮. સર્વજ્ઞ–વીતરાગદેવની ઓળખાણ વગર, તેમના કહેલા વીતરાગમાર્ગને તું ક્યાંથી સાધીશ ?

૨૯. કેવળીભગવાનના અતીન્દ્રિય સુખની શ્રદ્ધા કરનાર જીવ મોક્ષની નજીક છે.

૩૦. મુમુક્ષુ એટલે મોક્ષમાર્ગનો વેપારી, તે શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગને ઈચ્છે છે.

૩૧. જિનોપદેશ સાંભળતાં મુમુક્ષુ જીવ ઉલ્લસી જાય છે ને તેની પરિણતિ અંતર્મુખ થાય છે.

૩૨. સમકિતીનાં પરિણામ શુદ્ધાત્મ–સન્મુખ છે; મિથ્યાદ્રષ્ટિનાં પરિણામ શુદ્ધાત્માથી વિમુખ છે.

૩૩. હે જીવ ! સાચા દેવગુરુની ભક્તિપૂર્વક તેમના કહેલા ધર્મને સમ્યક્પણે આચર.

૩૪. તત્ત્વાર્થશ્રદ્ધાન એટલે શુદ્ધાત્મશ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે, તે ધર્મનું મૂળ છે.

૩૫. વીતરાગ થઈને ભવસાગર તરાય છે, રાગને ભેગો રાખીને ભવસાગરને તરાતું નથી.

૩૬. આપણો સ્વભાવ રાગ વગરનો; આપણા ઇષ્ટદેવ રાગ વગરના; આપણો માર્ગ રાગ વગરનો.

૩૭. સિદ્ધભગવંતો જે માર્ગે ચાલ્યા તે માર્ગે ચાલવું તે જ મુમુક્ષુનું કામ છે.

૩૮. મોક્ષહેતુ ધર્મ શુદ્ધ–અરાગીભાવ છે; રાગ તે મોક્ષહેતુ નથી, બંધહેતુ છે.

૩૯. શુદ્ધ જૈનમાર્ગમાં ગરબડ ચાલે તેમ નથી, એ તો અરિહંતોનો માર્ગ છે.

૪૦. ભગવાન પોતે ભવરહિત છે, ને ભવરહિત થવાનો પુરુષાર્થ ભગવાને ઉપદેશ્યો છે.

૪૧. ભગવાનની વાણી સ્વસન્મુખતા કરાવે છે ને પરમ આનંદને પમાડે છે.

૪૨. સમ્યગ્દ્રષ્ટિ તે जिन છે, –તે સમ્યક્ભાવવડે મિથ્યાત્વશત્રુના વિજેતા છે.

૪૩. અહા, ભગવાનની વાણીની મધુરતાની શી વાત? અને તેના વાચ્યના મહિમાની શી વાત?

૪૪. જિનવાણીના વાચ્યનું ઘોલન કરતાં ભાવશ્રુતનો અપૂર્વ આહ્લાદ અનુભવાય છે.

૪૫.ભગવાનનો ઉપદેશ અમારા માટે છે; અમારા ઉપર અનુગ્રહ કરીને ભગવાને શુદ્ધાત્માનો ઉપદેશ દીધો છે.

૪૬. હું જ પરમાત્મા છું–આવા સ્વાત્મચિંતન વડે આનંદનો અનુભવ થાય છે.

૪૭. શુદ્ધાત્મપ્રાપ્તિ કેવળીપ્રભુના વીતરાગમાર્ગ સિવાય બીજે ક્યાંય થતી નથી.

૪૮. વીતરાગતા વડે મોહનો ક્ષય ને શુદ્ધાત્માની પ્રાપ્તિ તે જિનવાણીનો સાર છે.

૪૯. ભાઈ, તારા મોક્ષની રમત તારી પર્યાયમાં સમાય છે. બહાર જેવું પડે તેમ નથી.

૫૦. પર્યાયને શુદ્ધસ્વભાવમાં જોડ...ને પરભાવોને છોડ, –એનું નામ મોક્ષ.

૫૧. તીર્થંકરોએ સાધેલો ને કહેલો વીતરાગમાર્ગ સન્તોએ સ્વાનુભવપૂર્વક પ્રસિદ્ધ કર્યો છે.

૫૨. અત્યારે વિદેહક્ષેત્રમાં જીવંત તીર્થંકરભગવંતો વીતરાગમાર્ગ પ્રકાશી રહ્યા છે.

૫૩. વિદેહક્ષેત્રના જીવંતસ્વામીની વાણી સાંભળીને ભરતક્ષેત્રમાં કુંદકુંદસ્વામીએ મોક્ષમાર્ગ જીવંત રાખ્યો.

૫૪. સાધક જીવો આત્મિક આનંદરસ પીતાંપીતાં સ્વયં મોક્ષમાં ચાલ્યા જાય છે.

૫૫. ‘जैसा भावै वैसा होवे’ –શુદ્ધાત્માને ભાવતાં આત્મા શુદ્ધ થાય છે.

૫૬. અંદરની ગૂફામાં ગુપ્ત આત્માને ધ્યાનવડે અનુભવગોચર કરતાં ગુપ્તનિધિ પમાય છે.

૫૭. આત્માના શુદ્ધસ્વભાવની ધૂન વારંવાર ઘૂંટવા જેવી છે, તેમાં આનંદ છે.

૫૮. આનંદરસ પીતાંપીતાં સિદ્ધભગવાને મોક્ષ સાધ્યો ને સદાકાળ તેઓ આનંદરસ પીએ છે.

૫૯. મોક્ષ અને તેનો માર્ગ, બંને આનંદમયછે. આનંદનું સાધન દુઃખરૂપ કેમ હોય ?

૬૦. જ્ઞાનસુધારસ કેવી રીતે પીવો ? સ્વસન્મુખ શ્રુતજ્ઞાનરૂપી અંજલિ વડે જ્ઞાનસુધારસ પીઓ.

૬૧. ધ્યાનની સિદ્ધિ એટલે અતીન્દ્રિય આનંદનો અનુભવ; એ જ ઉપદેશનો સાર છે.

૬૨. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટવામાં શરીરની સહાય નથી, વિકલ્પની સહાય નથી.

૬૩. અંદર શુદ્ધસ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન–રમણતારૂપ નિર્મળ વીતરાગ અંશો તે સાચો મોક્ષમાર્ગ છે.

૬૪. અહો, આવો સરસ નિરપેક્ષ મોક્ષમાર્ગ તેને હે જીવ ! તું જાણ તો ખરો.

૬૫. સાચો મોક્ષમાર્ગ જાણતાં જ તને રાગમાં આત્મબુદ્ધિ છૂટી જશે ને આત્મશુદ્ધિ થશે.

૬૬. જિનભગવાનના કહેલા વીતરાગમાર્ગને બીજાના માર્ગો–સાથે સરખાવી શકાય નહિ.

૬૭. જિનરંજન કરનારા એટલે કે જિનમાર્ગને જાણીને તેની રુચિ કરનારા લોકરંજન અર્થે રોકાતા નથી.

૬૮. કુગુરુનું શરણ એટલે સંસારમાં ભ્રમણ. જિનશરણ એટલે સુખમાં રમણ.

૬૯. જે રાગની રુચિ કરે છે તેને વીતરાગસ્વભાવી આત્માની આરાધનાનું લક્ષ નથી.

૭૦. વીતરાગમાર્ગના આરાધક જીવો રાગની રુચિ કેમ કરે ? અમૃત મળ્યા પછી ઝેર કોણ ખાય ?

૭૧. ઇન્દ્રિયથી ને વિકલ્પોથી અગોચર એવા અલખ આત્માને અતીન્દ્રિયજ્ઞાન વડે લક્ષગત કરો.

૭૨. શુદ્ધાત્માનો અનુભવ તે મોક્ષમાર્ગ છે–એ ભાવ વારંવાર ઘૂંટવા જેવો છે.

૭૩. કારણ–કાર્ય એક જાતનાં હોય છે માટે બુદ્ધિમાન મુમુક્ષુ શુદ્ધ કારણને સેવે છે.

૭૪. તે જ ખરો બુદ્ધિવંત–ભેદજ્ઞાની છે કે જે શુદ્ધ–અશુદ્ધ ભાવોનું પૃથક્કરણ કરે છે.

૭૫. મોક્ષના સાધકો શુદ્ધભાવરૂપ મોક્ષમાર્ગમાં વચ્ચે રાગની ભેળસેળ કરતા નથી.

૭૬. પંચમકાળમાં પણ જેમ મુનિદશા વસ્ત્ર વગરની છે તેમ મોક્ષમાર્ગ રાગ વગરનો છે.

૭૭. સીમંધર ભગવાન વગેરે તીર્થંકરભગવંતો આ જંબુદ્વિપમાં અત્યારે બિરાજી રહ્યા છે.

૭૮. વિદેહક્ષેત્રના ધર્મકર્તા તે જીવન્તસ્વામી શુદ્ધમોક્ષમાર્ગ ઉપદેશી રહ્યા છે.

૭૯. જ્ઞાનનો સાર એ છે કે પ્રથમ શુદ્ધઆત્માની ભાવનાથી ભાવશુદ્ધિ પ્રગટ કરવી.

૮૦. આવી ભાવશુદ્ધિના માર્ગદર્શક રત્નચિંતામણિ ગુરુકહાનના ચરણમાં હરિનાં હજાર વંદન.

# તારા પગલે પગલે નાથ! ઝરે છે આતમરસની ધાર

(૪)

**અમદાવાદ ને રણાસણમાં પંચકલ્યાણક ઉત્સવો બાદ વચ્ચે સોનગઢમાં વિસામો લઈને, રાજકોટમાં અધ્યાત્મરસની અમીધારા વરસાવીને, સુરેન્દ્રનગર-અમદાવાદ-પાલેજ-સુરત-કાસા-થાણા થઈને ગુરુદેવ ચૈત્ર વદ ૧૧ના રોજ (તા. ૧૨-૪-૬૯) મુંબઈનગરીમાં પધાર્યા; ધોધમાર ચૈતન્યરસની વૃષ્ટિ વચ્ચે ગુરુદેવનો ૮૦ મો રત્નચિંતામણિ-જન્મોત્સવ ઉજવાયો અને જિનેન્દ્રભગવાનની પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો આનંદકારી ઉત્સવ પણ ઉજવાયો. આવા મહામંગલ ધર્મકાર્યો નજરે દેખીને આનંદપૂર્વક ધર્મભાવનાઓ પુષ્ટ થાય છે. ગુરુદેવ સાથેના મંગલ પ્રવાસની થોડી પ્રસાદી અહીં રજુ થાય છે. -આ મધુર સંભારણાં જિજ્ઞાસુઓને આનંદિત કરશે.**

**-બ્ર. હ. જૈન**

રાજકોટમાં ગુરુદેવ ૯ દિવસ રહ્યા; તે દરમિયાન નિયમસાર ગા. ૩૮, ૫૦, ૧૫૯, ૧૬૫; પંચાસ્તિકાય ગા. ૧૬૩; સમયસારકલશ ૧૨૦, ૨૫૨, ૨૭૧, તથા સમયસાર ગા. ૧૩ વગેરે વિધવિધ વિષયો ઉપર પ્રવચનો તથા તત્ત્વચર્ચા થઈ. ચૈત્ર સુદ ૧૨ ના રોજ 'જ્ઞાનચક્ષુ' નું પ્રકાશન થયું. અને ચૈત્ર સુદ તેરસે મહાવીર પ્રભુનો મંગલ જન્મોત્સવ ઉજવ્યા બાદ બીજે દિવસે પ્રસ્થાન કરીને ગુરુદેવ સુરેન્દ્રનગર પધાર્યા; ત્યાં ચૈત્ર સુદ પૂનમના રોજ જિનમંદિર ઉપર કલશારોહણ થયું. ચૈત્ર વદ એકમે ફરી અમદાવાદ આવ્યા ને તાજા જ પ્રતિષ્ઠિત થયેલા ભગવાન આદિનાથ દાદાના દર્શન કર્યા. પ્રવચન તેમજ ભક્તિ પણ ત્યાં દાદાના દરબારમાં જ થયા. ચૈત્ર વદ બીજે વડોદરા થઈને પાલેજ નગરીમાં પધાર્યા......ચિરપરિચીત ભૂમિમાં પ્રવેશતાં જ ગુરુદેવને ૬૦ વર્ષો પહેલાંના સંભારણા તાજા થતા હતા. વિક્રમ સં. ૧૯૫૯ થી ૧૯૬૮ સુધી પાલેજમાં રહેલા. પાલેજમાં આવતાવેંત અનંતશક્તિસંપન્ન પ્રભુશ્રી અનંતજિનેન્દ્રના દર્શન કરીને અર્ઘ

વડે પૂજન કર્યું; પછી મંગળ પ્રવચનમાં દેહથી ભિન્ન આત્માનો મહિમા બતાવીને કહ્યું કે આવા ભગવાન આત્માનું અનાદિકાળથી અજ્ઞાનને લીધે જે વિસ્મરણ થયું છે, તે અમંગળ છે, –દુઃખ છે, અને સત્સમાગમે શ્રવણ કરીને આવા આત્માનું સ્મરણ કરવું, ઓળખાણ કરવી, મહિમા કરવો તે મંગળ છે, ને આવું મંગળ તે મોક્ષનું કારણ છે.

બપોરે પ્રવચનમાં સમયસાર ગા. ૧૭–૧૮ ઉપર સુગમશૈલીથી પ્રવચન કરતાં રાજાના દ્રષ્ટાંતે જીવને ઓળખીને તેની સેવા કરવાનો (એટલે કે તેના શ્રદ્ધા–જ્ઞાન –અનુસરણ કરવાનો) ઉપદેશ આપ્યો. પ્રભો! બહારની બીજી વાતો (રાગની વાતો) તો તેં અનંતવાર સાંભળી. તે તો તને સહેલી લાગે છે, પણ રાગ વગરનો શુદ્ધ જ્ઞાનાનંદ આત્મા પોતે શું ચીજ છે તે કદી તેં જ્ઞાની પાસેથી યથાર્થ સાંભળ્યું નથી, સમજણમાં લીધું નથી. તેથી તને અઘરું લાગે તોપણ તે સમજ્યે જ છૂટકો છે. બાપુ! આવા અવતારમાં તો આ સમજવા જેવું છે. એક ક્ષણમાં દેહ છૂટી જતો નજરે દેખાય છે. મનુષ્યપણું પામીને જો તેં આત્માની સંભાળ ન કરી તો તેં શું કર્યું? તું બાહ્ય વિષયોનો અર્થી થયો, ધનનો, રાગનો કે પુણ્યનો અર્થી થયો, પણ આત્માનો અર્થી ન થયો તો તારા જન્મમરણનો આરો આવે તેમ નથી.

ચૈત્ર વદ ૪ ના રોજ પ્રવચન પછી ભગવાનની રથયાત્રા નીકળી હતી. ને બપોરે દુકાનમાં ભક્તિ થઈ હતી; ચૈતન્યનો વેપાર કરનારા ગુરુદેવે–જ્ઞાન વૈરાગ્યના બે શબ્દો કહ્યા હતા કે અનાદિથી પરિણમતો આત્મા તો સંસારમાં મુસાફર જેવો છે, તેને આ બધા સંયોગો આવે છે તે તો છાયા જેવા છે, તે કાંઈ તેનું સ્વરૂપ નથી. સંયોગથી જુદો ને જુદો અનાદિથી ધ્રુવ રહેલો આત્મા, તેનો ખરો વેપાર જ્ઞાન છે, એવા આત્માને ધ્રુવ ચિદાનંદ સ્વરૂપે ઓળખવો તે અપૂર્વ કલ્યાણ છે, ને તે કરવા જેવું છે. સંયોગો છાયા જેવા છે, તેનો આત્મા જાણનારા છે; પોતાના સ્વભાવને તેમજ પરને જાણે એવો સ્વ–પરપ્રકાશક આત્મા છે. આત્માનો ચૈતન્યવેપાર સંયોગથી ને રાગથી ભિન્ન છે. પાલેજમાં ગુરુદેવ ચાર દિવસ રહ્યા, ને આનંદપૂર્વક અનેકવિધ ચર્ચાઓ કરી. આ પ્રસંગે ઘાટકોપરની ભજન મંડળી પણ આવેલ ને વિવિધ ભક્તિ કરાવેલ હતી. 'શ્રુતધામ' અંકલેશ્વર તેમજ 'શીતલધામ' સજોદ એ બંને પણ પાલેજથી નજીક પચીસેક માઈલ પર છે. અંકલેશ્વર પધારનારા અને સત્ શ્રુતની જ્યોતને પ્રકાશીત રાખનારા પરમ સંત ભૂતબલિ મુનિરાજ (જેમણે અંકલેશ્વરમાં ષટ્ખંડાગમની રચના પૂર્ણ કરી અને શ્રુતનો ભવ્ય ઉત્સવ ઉજવાયો) –તે મુનિરાજે અંકલેશ્વર જતાં આવતાં આ પાલેજપુરીને પણ

જરૂર પાવન કરી હશે. –એમ પાલેજમાં આવતાં એ શ્રુતધર સન્તોનું પણ સ્મરણ થતું હતું. કેટલાય મુમુક્ષુ ભાઈ–બહેનો પાલેજથી અંકલેશ્વર અને સજોદનાં દર્શને ગયા હતા. અહા, એ શ્રુતધર સંતોની આ ભૂમિ! –રત્નત્રયધારી સંતોનો કેવો મહિમા પ્રસિદ્ધ કરે છે! ને ગૂફામાં બિરાજમાન એ શીતલતાના ભંડાર શીતલજિનેન્દ્ર ચૈતન્યમાં કેવી શીતલ ઉર્મિઓ જગાડે છે!! આ પ્રતિમાજી ચોથા કાળના લાગે છે. ચાર પ્રાચીન મંદિરોમાં પણ અનેક વિશેષતા સહિત જિનબિંબો બિરાજે છે. નેમપ્રભુના મંદિરમાં પાર્શ્વનાથ પ્રભુને કળાકારે અંતરીક્ષ બતાવ્યો છે–તે દેખાવ સુંદર છે. એ સિવાય પીંછી–કમંડલ સહિત મુનિવરોની પ્રાચીન પ્રતિમાઓ પણ અહીં જોવા મળે છે, સંભવ છે કે ધરસેન–પુષ્પદંત –ભૂતબલી મુનિવરો સાથે પણ તેને સંબંધ હોય. મહાવીર પ્રભુના જે મંદિરના સ્થાનમાં षट्खंडागम સિદ્ધાંતની રચના પૂર્ણ થવાનું મનાય છે ત્યાં સ્મૃતિરૂપ એક દેરી છે–જે શ્રુતપંચમીની પૂજા પ્રસંગે અંબિકાદેવી દ્વારા થયેલ મુનિપૂજનની સ્મૃતિરૂપ હોય–એમ લાગે છે. મુમુક્ષુઓ અંકલેશ્વરને તેલના ધામ તરીકે નહિ પરંતુ જિનવાણીરૂપ અમૃતના ધામ તરીકે જુએ છે. પાલેજ પછી ગુરુદેવ સુરત પધાર્યા. સુરત પછી કાસા પધાર્યા....ગુજરાત છોડીને હવે મહારાષ્ટ્રમાં આવ્યા. વન જંગલના વાતાવરણ વચ્ચે નિવૃત્તિધામમાં આખો દિવસ રહ્યા ને આ ભવ તેમજ પરભવની કેટલીયે આનંદકારી વાત ગુરુદેવે કરી. ગુરુ મુખથી ધર્માત્માઓનાં જીવનની કથા સાંભળતાં આનંદ થતો હતો. કાસાથી મુંબઈ તરફ જતાં પહેલાં રાતના છેલ્લા ભાગમાં ગુરુદેવે અત્યંત આહ્લાદકારી એક મંગલ સ્વપ્ન જોયું. આકાશમાંથી કોઈ અપૂર્વ વધામણી સહિત એક પરબિડીયું અચાનક ઉપરથી કોઈ ગુરુદેવ તરફ નાંખે છે; આવું અદ્ભુત પરબિડીયું હાથમાં આવતાં જાણે ભગવાનનો કોઈ સન્દેશ આવ્યો હોય –એમ અતિશય આહ્લાદથી ગુરુદેવે સવારમાં કહ્યું કે અહા! એવો આનંદ એ વખતે થયેલો કે જાણે મોક્ષ જ હાથમાં આવી ગયો હોય! જાણે મોક્ષની લોટરી લાગી હોય! –એમ સ્વપ્નમાં ઘણા આહ્લાદપૂર્વક એ પરબિડિયાની અંદરનું લખાણ વાંચવા ખૂબ સાવધાનીથી (અંદરના કાગળનો એક્કેય અક્ષર ફાટી ન જાય તે રીતે) ગુરુદેવે તેનો એક ખૂણો જરા ખોલ્યો....ને હજી વાંચવા જાય છે ત્યાં તો આંખ ખૂલી ગઈ. ગુરુદેવ કહે છે કે અદ્ભુત હતું એ ઉત્તમ સ્વપ્ન! કોઈ ઉત્તમ મંગળફળની એ આગાહી છે. આવા આહ્લાદપૂર્વક, વિદેહીનાથને વારંવાર યાદ કરતા કરતા ગુરુદેવ થાણા થઈને ચૈત્રવદ ૧૧ ના રોજ મુંબઈ નગરીમાં પધાર્યા. થાણામાં પોપટલાલભાઈ વોરા અને તેમના પરિવારે ખૂબ ભક્તિથી લાભ લીધો; વચ્ચે ઘાટકોપરનું નવીન

જિનાલય જોયું. મુંબઈનગરીમાં આવતાંવેંત ઝવેરીબજાર જિનમંદિરમાં ભક્તિથી સીમંધરનાથના દર્શન કર્યા. અને પછી દેશભરમાંથી આવેલા હજારો ભક્તજનો સહિત મુંબઈના જૈનસમાજે ઘણા ઉમંગથી ગુરુદેવનું સ્વાગત કર્યું. ધન્ય બની આજે મુંબઈ નગરી.....ને ધન્ય બન્યા અમે સૌ ભક્તો......કે પંચકલ્યાણકનાં પાવન દ્રશ્યો જોઈશું.... ને ગુરુદેવનો મહોત્સવ અનેરા ઉલ્લાસથી ઉજવીશું.

પ્રતિષ્ઠા માટેનો મંડપ, 'મહાવીરનગર' માં (આઝાદમેદાનમાં) પચાસેક ફૂટ ઊંચા સુશોભિત પ્રવેશદ્વાર વડે જિજ્ઞાસુઓને આકર્ષી રહ્યો હતો. જેના શિખર પર ૨૪ જિનેન્દ્ર ભગવંતોની હારમાળા પ્રવેશક ઉપર જાણે આશીર્વાદ વરસાવતી હતી. પ્રવચનની વ્યાસપીઠ પણ એવી જ નયનરમ્ય હતી.....ને તેના પરથી ગુરુવાણીની ગર્જના મોહનગરીના મોહને ઢીલોઢફ કરી નાંખતી હતી. હજારો માણસો મુગ્ધ બનીને તેનું શ્રવણ કરતા. સવારે સમયસારના કર્તાકર્મ અધિકાર ઉપર પ્રવચન દ્વારા ગુરુદેવ પરભાવોથી જ્ઞાનની અત્યંત ભિન્નતા સમજાવીને ભેદજ્ઞાન કરાવતા હતા, અને મુંબઈના ઉકળાટ વચ્ચે શાંત અધ્યાત્મરસનો દરિયો ઉલ્લસાવીને શ્રોતાજનોને ચૈતન્યની ઠંડક આપતા હતા. બપોરે ઋષભજિનસ્તોત્ર દ્વારા ભગવાન ઋષભદેવના જન્મથી કેવળજ્ઞાન સુધીનું અદ્‌ભુત ભાવભીનું વર્ણન કરીને ભક્તિરસની વીતરાગી ગંગા વહેવડાવતા હતા. પાંચ દિવસની અદ્‌ભુત રેલમછેલ મુંબઈના હજારો જિજ્ઞાસુઓને આકર્ષી રહી, ને વૈશાખ સુદ એકમ આવી પહોંચી....જિનેન્દ્ર ભગવાનના પંચકલ્યાણક મહોત્સવનો મંગલ પ્રારંભ આજથી થયો. સવારમાં મંગલ મૂરત તરીકે નાંદીવિધાન (મંગલ કુંભ સ્થાપન) શેઠશ્રી રમણીકલાલ જેઠાલાલના ધર્મપત્ની સૌ. પ્રભાવતીબેનના હસ્તે થયું. ત્યારબાદ પ્રતિષ્ઠામંડપમાં જિનેન્દ્ર ભગવાનની પધરામણી થઈ અને ભાઈશ્રી હીરાલાલ ભીખાલાલ શાહ (દહેગામવાળા) ના હસ્તે જૈન ઝંડારોપણ થયું. મુંબઈના આંગણે જિનેન્દ્રભગવાનના પંચકલ્યાણક મહોત્સવનો પ્રારંભ થતો દેખીને હજારો ભક્તોનાં હૈડાં હર્ષથી નાચી ઉઠયા. ગુરુદેવના પ્રવચન પછી ઇન્દ્રપ્રતિષ્ઠા થઈ. પ્રથમ ઉત્સવ માટે ગુરુદેવના મંગલ આશીષ લઈને ૧૨ ઇન્દ્ર-ઇન્દ્રાણી કુબેર તેમજ માતાપિતાની સ્થાપના થઈ. પંચકલ્યાણક દ્રશ્યો મહાવીર ભગવાનના થયા હતા; સિદ્ધાર્થપિતા અને ત્રિશલામાતા તરીકેની સ્થાપનાનું સૌભાગ્ય ભાઈશ્રી રમણીકલાલ જેઠાલાલ શેઠ તથા સૌ. પ્રભાવતી બેનને પ્રાપ્ત થયું હતું. સૌધર્મેન્દ્ર તરીકે શેઠશ્રી પોપટલાલ મોહનલાલ વોરાના સુપુત્ર હસમુખભાઈ, ઐશનેન્દ્ર તરીકે શેઠશ્રી પૂરણચંદજી ગોદિકા (જયપુરવાળા) હતા. ઇન્દ્રોની પ્રતિષ્ઠા બાદ જિનેન્દ્ર ભગવાનની પૂજા માટે ઇન્દ્રોની સવારી ધામધૂમથી ચાલી, ને મંડપમાં આવીને પંચપરમેષ્ઠી ભગવંતોનું પૂજન કર્યું. ઉત્સવની અનેક વિધ તૈયારીઓથી મહાવીરનગરનો મંડપ ધમધમતો હતો, ત્યાં તો ગુરુદેવનો રત્ન ચિંતામણિજન્મોત્સવ જોવા માટે વૈશાખ સુદ બીજ આવી.....ને કુંદકુંદ પ્રભુના આશીષ લાવી....સાથે સીમંધરનાથનો સન્દેશ પણ લાવી.

# 卐 મુંબઈ નગરીમાં ઉજવાયેલ રત્નચિંતામણિ-મહોત્સવ 卐



ધન્ય બની આ મુંબઈ નગરી, ને ધન્ય બન્યા ભક્તો....વૈશાખ સુદ બીજે ગુરુદેવની ૮૦ મી જન્મજયંતીનો ઉત્સવ આનંદ ઉલ્લાસ પૂર્વક રત્નચિંતામણિ મહોત્સવ તરીકે ઉજવાયો. વહેલી સવારમાં ગુરુદેવના જન્મની મંગલવધાઈ લઈને અનેક ભક્તો આવ્યા ને રત્નોથી ગુરુદેવને વધાવ્યા. પ્રસન્નચિતે ગુરુદેવ સૌથી પહેલાં વહાલા સીમંધરનાથના આશીષ લેવા જિનમંદિરે પધાર્યા.....એ વખતે શુભ શુકનરૂપે જન્મમંગલની વધાઈ ગાતી ગાતી પ્રભાતફેરી સામે મળી. જિનમંદિરે જઈને ગુરુદેવે સીમંધરનાથના દર્શન કર્યા, અર્ઘથી પૂજન કર્યું, અને રત્નોથી પ્રભુચરણને વધાવ્યા. ગુરુદેવ સાથે પ્રભુદર્શન કરતાં આહ્લાદ થયો. ત્યારબાદ મહાવીરનગર (આઝાદમેદાનના) મંડપમાં ગુરુદેવ પધાર્યા. આજે મંડપની શોભા અદ્‌ભુત હતી. જ્યારે મુંબઈ નગરી ઊંઘતી હતી ને રસ્તાઓ સૂમસાન હતા ત્યારે આઝાદમેદાન જન્મવધાઈથી ગાજતું હતું, ને તે તરફના રસ્તા મુમુક્ષુ ભક્તોથી ભરેલા હતા. મંડપ ચારેબાજુ ઝગઝગાટ ફેલાવતો હતો, મંડપના પ્રવેશ દ્વાર ઉપર ૨૪ ભગવંતો જાણે કે એકસાથે પધારીને આશીર્વાદ વરસાવતા હોય તેમ હારમાળા શોભતી હતી. જેવા પ્રવેશદ્વારમાં ગુરુદેવ પધાર્યા કે તરત હાથીએ સાતવાર સૂંઢ ઊંચીકરીને ચંદનમાળાથી ગુરુદેવનું સ્વાગત કર્યું; શહનાઈ વગેરે વાજિંત્રો ગાજી ઊઠયા, હજારો ભક્તોના જયજયનાદથી મંડપ ભરાઈ ગયો. ગુરુદેવ સુશોભિત પાદપીઠ ઉપર આવીને બિરાજ્યા ને સ્તુતિ-મંગલ પૂર્વક સૌએ જન્મોત્સવનો ઉમંગ વ્યક્ત કર્યો. મુંબઈનો દરિયો પણ જાણે આ ‘રત્નાકર’ નાં ગુણગાન કરતો હોય તેમ ધીરાધીરા મધુર નાદે ગાજતો હતો; ને પોતાના કિનારે જ બિરાજમાન સંતના ચરણનો જાણે અભિષેક

કરવા ચાહતો હોય તેમ હર્ષ ભરી છોળો ઊછાળતો હતો. આજના મંગલ પ્રસંગે કેવળજ્ઞાનાદિ પરમ ઋદ્ધિ ધારક સન્તોનું સ્મરણ કરીને ચોસઠ ઋદ્ધિ મંડલ–વિધાન થયું હતું. અને પ્રવચન શરૂ થતાં પહેલાં પૂ. ગુરુદેવના જીવનપરિચયનું નવીન પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું હતું. જેમ પાંચ વર્ષ પહેલાં મુંબઈમાં ગુરુદેવના હીરક જયંતી મહોત્સવ પ્રસંગે અભિનંદન ગ્રંથ પ્રગટ કરીને શાસ્ત્રીજી દ્વારા અર્પણ કરાયેલ, તેમ આ રત્ન–ચિંતામણિ–જયંતી મહોત્સવ પ્રસંગે પણ કોઈ સુંદર ગ્રંથ પ્રગટ કરવાની મુંબઈ મુમુક્ષુ મંડળની ભાવના હતી. તે અનુસાર ગુરુદેવના જીવનનો વિસ્તૃત પરિચય, તેમજ પવિત્ર હસ્તાક્ષરો વગેરેનો સંગ્રહ કરીને એક સુંદર પુસ્તક બ્ર. હરિભાઈએ તૈયાર કરેલ, તે આજના મંગલપ્રસંગે પ્રમુખ શ્રી રમણીકલાલભાઈ શેઠના હસ્તે ગુરુદેવને અર્પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તકના મુખપૃષ્ઠ ઉપર, સીમંધર ભગવાન સાથે ગુરુદેવનો સંબંધ દર્શાવતું મધુર ભાવવાહી દ્રશ્ય ચાંદીમાં કોતરવામાં આવ્યું છે. આ સુશોભિત પુસ્તક દરેક જિજ્ઞાસુને ગમી જાય તેવું છે. ત્રણ રૂપિયાની પડતર કિંમતનું આ પુસ્તક માત્ર એક રૂપિયાની કિંમતે આપવામાં આવ્યું છે.

જીવન પરિચય–પુસ્તકના પ્રકાશન બાદ ગુરુદેવનું પ્રવચન થયું. આજે પ્રવચનમાં આનંદભર્યા વાતાવરણ વચ્ચે ગુરુદેવે સમયસારની ૭૧ મી ગાથા વાંચી.

## 卐 મુંબઈ નગરીમાં વૈશાખ સુદ બીજનું મંગલ પ્રવચન 卐

જન્મોત્સવની ઉમંગભરી ઉજવણી બાદ પંદર હજારની સભામાં પ્રવચન કરતાં ગુરુદેવે શરૂઆતમાં મહિમાપૂર્વક કહ્યું કે આ સમયસારની અધ્યાત્મ વાત આજે આ મુંબઈ જેવી મહાનગરીમાં હજારો માણસો વચ્ચે ચાલી રહી છે, તે જીવોનાં મહાન ભાગ્ય છે. મોટું નગર હો કે નાનું ગામડું હો, પણ જેને પોતાનું હિત કરવું હોય તેણે આત્માની આ વાત સાંભળીને લક્ષમાં લેવા જેવી છે.

ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. તેમાં રાગાદિ ભાવો અશુભ કે શુભ થાય તે આસ્રવ છે, તે તેનું મૂળ સ્વરૂપ નથી; તે પર તરફના ઝુકાવથી થયેલ વિકૃત ભાવો છે. તેને અને જ્ઞાનને એકપણું નથી પણ જુદાઈ છે. જ્ઞાન તો સહજ શાંત આનંદસ્વરૂપ છે, ને રાગાદિ ભાવો આકુળતારૂપ છે, દુઃખરૂપ છે. આવી

ભિન્નતાને ભૂલીને અજ્ઞાની જીવ જ્ઞાનને અને રાગને બંનેને એકમેક માનીને, તેમાં કર્તા–કર્મપણું માને છે, તેથી દુઃખી છે. તે દુઃખથી આત્મા કેમ છૂટે ? તેની આ વાત છે.

ભૂલ તે દુઃખ છે. ભૂલ પરમાં નથી ને પરને લીધે નથી; શરીરમાં ભૂલ નથી. પોતાના જ્ઞાનસ્વભાવને ચૂકીને રાગાદિ વિકાર મારું કાર્ય–એવી મિથ્યાબુદ્ધિ તે દુઃખ છે. પોતામાં આવું દુઃખ છે તે જેને ભાસ્યું છે, ને હવે તેનાથી છૂટવા માંગે છે. તે શિષ્ય જિજ્ઞાસાથી પૂછે છે કે પ્રભો ! આવું અજ્ઞાન કેમ મટે ? ને જ્ઞાનવડે આત્મા આ દુઃખમય આસ્રવોથી કેમ છૂટે ? તેની રીત સમજાવો.

તેના ઉત્તરમાં આચાર્યદેવ આ ૭૧મી ગાથામાં આત્મા અને આસ્રવોની ભિન્નતા સમજાવીને ભેદજ્ઞાન કરાવે છે. આત્મહિતની આ અદ્‌ભુત વાત છે.

પ્રથમ તો આત્મા આ જગતમાં એક સ્વતંત્ર વસ્તુ છે. અને સ્વતંત્ર વસ્તુ પોતાના સ્વભાવ માત્ર જ હોય છે, એટલે આત્મા પોતાના જ્ઞાનસ્વભાવ જેટલો જ છે. જ્ઞાનના પરિણમનમાં રાગનું પરિણમન નથી. આત્માના જ્ઞાનસ્વભાવનું પરિણમન થઈને તેમાંથી ક્રોધાદિ ન નીકળે, ને ક્રોધના પરિણમનમાંથી જ્ઞાન ન નીકળે. આમ બંનેને (જ્ઞાનસ્વભાવને અને ક્રોધાદિ પરભાવને) તદ્દન જુદાઈ છે; એવી જુદાઈ જાણતાં આત્મા તે ક્રોધાદિનો કર્તા થતો નથી, જ્ઞાનભાવના કર્તાપણે જ પરિણમે છે. આવું અપૂર્વ ભેદજ્ઞાન તે મોક્ષની કળા છે.

સીમંધર પરમાત્મા સાક્ષાત્ બિરાજી રહ્યા છે, તેમની દિવ્યવાણી સાક્ષાત્ સાંભળીને કુંદકુંદાચાર્યદેવ ફરમાવે છે કે ભાઈ ! આત્મા જ્ઞાનરૂપે રહેનારો છે; આત્મા ક્રોધરૂપે થનારો નથી. ક્રોધરૂપ થાય તેને અમે સાચો આત્મા કહેતા નથી. જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા આનંદનો ગંજ છે, આવા જ્ઞાનસ્વરૂપને જે જાણે છે પોતાને જ્ઞાન– સ્વરૂપે અનુભવે છે તે રાગને પોતાપણે કરતો નથી, રાગથી ભિન્નપણે પોતાને અનુભવે છે. સીમંધરભગવાને જે કહ્યું તે જ કુંદકુંદઆચાર્યદેવ કહે છે. સર્વજ્ઞની વાણી કહો કે સંતોની વાણી કહો–બંનેમાં કાંઈ ફેર નથી. ભગવાન આત્મા જ્ઞાયકતત્ત્વ છે, તે જ્ઞાયકતત્ત્વ રાગાદિ પરભાવોથી સંયુક્ત ખરેખર નથી, પણ અજ્ઞાનીને તે સંયુક્ત ભાસે છે. અજ્ઞાનીનો આવો પ્રતિભાસ તે સંસારનું બીજ છે. પરભાવોથી ભિન્ન શુદ્ધ આત્માનો પ્રતિભાસ એટલે કે અનુભવ તે મોક્ષનું બીજ છે. ભેદજ્ઞાનરૂપી બીજ ઊગી તેને કેવળજ્ઞાનરૂપી પૂર્ણિમા થશે જ.

ચૈતન્યરસના ઉમંગમાં સભાને ઝુલાવતાં ઝુલાવતાં ગુરુદેવ કહે છે કે સમ્યગ્દર્શન થતાં ધર્મીને પોતાનો આત્મા જ્ઞાનપણે થતો ભાસે છે, આનંદપણે થતો ભાસે છે, પણ રાગપણે કે સંયોગપણે થતો ભાસતો નથી. રાગને જાણતાં હું રાગરૂપ થઈ ગયો, કે સંયોગને જાણતાં હું સંયોગરૂપ થઈ ગયો–એમ જ્ઞાની અનુભવતા નથી; પણ રાગથી ને સંયોગથી ભિન્નપણે તે પોતાને અનુભવે છે. સર્વજ્ઞભગવાને અને સંતોએ જે કહ્યું તે જ આ કહેવાય છે. ને જેણે કલ્યાણ કરવું હોય તેણે આ વાત માન્યે જ છૂટકો છે;– પછી આજે માને કે કાલે માને પણ આ માન્યે જ કલ્યાણ અને ધર્મ છે.

ગુરુદેવનું ઉમંગભર્યું પ્રવચન હજારો શ્રોતાજનો ઉલ્લાસથી સાંભળતા હતા, ને સાંભળતાં–સાંભળતાં વારંવાર હર્ષનાદથી પોતાનો પ્રમોદ વ્યક્ત કરતા હતા. ગુરુદેવ આજ ખૂબ પ્રસન્ન હતા, ને પ્રવચનમાં વચ્ચે વચ્ચે વિદેહીનાથને યાદ કરીને કહેતા હતા કે આ તો ભગવાનનો હુકમ છે. ભગવાનનો હુકમ ત્રણકાળ ત્રણલોકમાં ફરે તેમ નથી. પંદરેક હજાર શ્રોતાજનો ભક્તિ પૂર્વક ભગવાનનો એ હુકમ સાથે ચઢાવીને પોતાને ધન્ય સમજતા હતા. મોહનગરી આજે તો અધ્યાત્મનગરી બની ગઈ હતી. નગરમાં સર્વત્ર અધ્યાત્મનો ગુંજારવ હતો.

આનંદભર્યા વાતાવરણમાં પ્રચવન પૂરું થતાં જ જન્મોત્સવની મંગલવધાઈથી મંડપ ગૂંજી ઊઠયો. આજના શુભ દિને મોરબીના ભાઈશ્રી યશવંતરાય ચંદુલાલ પારેખ (હાલ ધનબાદ) –તેમણે તથા બીજા કેટલાક ભાઈઓએ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી. ત્યારબાદ સમાજ તરફથી ગુરુદેવ પ્રત્યે શ્રદ્ધાંજલિરૂપ ભાષણ કરતાં ભાઈશ્રી હિંમતભાઈ એ તેમજ પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીએ ગુરુદેવના ઉપકારને પ્રસિદ્ધ કર્યો હતો. જૈનસમાજના આગેવાન શેઠ શ્રી શ્રેયાંસપ્રસાદજી શાહૂએ પણ શ્રંદ્ધાંજલિ અપર્ણ કરી હતી. આ ઉપરાંત ભાઈશ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી કે જેઓ શ્વેતાંબર જૈનસમાજના આગેવાન કાર્યકર છે તેમણે પણ ભાવભીની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી હતી. પં. ભગવાનદાસજી તેમજ પં. અમૃતલાલજીએ કાવ્યો દ્વારા અંજલિ અર્પી હતી. સુરતના મૂલચંદ કિસનદાસ કાપડિયાજીએ જુસ્સાદાર શૈલીમાં પોતાના તરફથી અભિનંદન વ્યક્ત કર્યાં હતા. ત્યાર બાદ ભાઈશ્રી પ્રાણલાલ છગનલાલ વોરા, પં. હિરાલાલજી શાસ્ત્રી (બ્યાવર), મહારાષ્ટ્રના કાર્યકર પં. માણેકચંદજી ચવરે (કારંજા), તીર્થક્ષેત્ર કમિટિના મહામંત્રી શ્રી ચંદુલાલ કસ્તુરચંદ, તેમજ ભાઈશ્રી ખીમચંદભાઈ, બાબુભાઈ વગેરેએ ગુરુદેવ પ્રત્યે શ્રદ્ધાંજલિ–અભિનંદનરૂપ સંક્ષિપ્ત ભાષણો કર્યા હતા. અને ત્યારબાદ આજના આ રત્નચિંતામણિજન્મોત્સવની ખુશાલીમાં અનેક ભાઈ બહેનો તરફથી ૮૦ ના મેળવાળી

રકમો કુલ રૂા. સવાલાખ જેટલી ઉલ્લાસપૂર્વક જાહેર કરવામાં આવી હતી–જેનો પ્રારંભ ૧૦૧×એંસી ( ૮૦૮૦ ) લખાવીને શ્રી નવનીતભાઈ ઝવેરીએ કર્યો હતો.

મુંબઈમાં ઉજવાયેલા આ મહાન રત્નચિંતામણિ જન્મોત્સવની કાયમી યાદગીરીમાં મુંબઈ મુમુક્ષુમંડળ તરફથી નીચે મુજબ ત્રણ યોજનાઓ રજુ કરવામાં આવી છે–

( ૧ ) જિનાગમ–મંદિરઃ સોનગઢમાં એક સુંદર મકાન બનાવીને તેની દિવાલો પર આરસની શિલામાં સમયસાર–પ્રવચનસાર–નિયમસાર–પંચાસ્તિકાય તથા અષ્ટપ્રાભૃત જિનાગમો કોતરાવવા. તેનું ખર્ચ ત્રણેક લાખ રૂા. અંદાજવામાં આવ્યું છે.

( જન્મોત્સવ ફંડમાં આવેલ રકમોનો ઉપયોગ આ જિનાગમમંદિરના નિર્માણમાં થશે. )

( ૨ ) સાહિત્ય પ્રકાશનઃ ગુજરાતી અને હિન્દી ભાષા ઉપરાંત મરાઠી, કન્નડ, ઇંગ્લીશ વગેરે અન્ય ભાષાઓમાં પણ સાહિત્યનું પ્રકાશન કરીને તેનો પ્રચાર કરવો. મરાઠીમાં ‘જૈન બાળપોથી’ અગાઉ પ્રસિદ્ધ થઈ ગયેલ છે; ને બીજું પુસ્તક ‘સમ્યગ્દર્શન’ ( પહેલો ભાગ ) આ પ્રસંગે પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું.

( ૩ ) જૈનવિદ્યાર્થીગૃહઃ મુંબઈના મલાડ મુકામે જિનમંદિરની બાજુમાં એક જૈનવિદ્યાર્થીગૃહ બાંધવાની યોજના છે. આ માટેનો પ્રારંભ ભાઈ શ્રી જુગરાજજી શેઠની ઉદાર સખાવતથી થયેલ છે.

જન્મજયંતીના દિવસે રાત્રે પૂ. ગુરુદેવના જીવનના વિવિધ પ્રસંગો દર્શાવતું નાટક થયું હતું. વૈશાખ સુદ ત્રીજે ઇન્દ્રોએ યાગમંડલપૂજન કર્યું. તથા જલયાત્રા અને ગર્ભકલ્યાણકની પૂર્વ ક્રિયાનાં દ્રશ્યો થયા. ભગવાન મહાવીરનો જીવ દેવલોકમાંથી છ માસ બાદ તીર્થંકરપણે વૈશાલી નગરીમાં અવતરવાનો છે તે પ્રસંગની ચર્ચાનું દ્રશ્ય તથા ઇન્દ્ર દ્વારા નગરીની શોભા, કુમારિકાદેવીઓ દ્વારા ત્રિશલામાતાની સેવા, માતાજીના ૧૬ મંગલ સ્વપ્નો વગેરે દ્રશ્યો થયા હતા. ગુરુદેવના પ્રતાપે મુંબઈ નગરીમાં દશવર્ષમાં આ ત્રીજીવાર પંચકલ્યાણકનાં અદ્‌ભુત દ્રશ્યો થયા–હજારો જિજ્ઞાસુઓ એ દ્રશ્યો જોઈને મુગ્ધ બનતા હતા. આ ઉપરાંત મધ્ય પ્રદેશના કોંગ્રેસ અધ્યક્ષ શ્રી મિશ્રીલાલજી ગંગવાલજીએ ગુરુદેવ પ્રત્યે ભાવભીની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરતાં ભાંગીતૂટી ગુજરાતી

ભાષામાં ગાયું કે– 'જિનનાં સમોસરણનું અહીં ભાગ્ય છે ના; દિવ્યધ્વનિ શ્રવણનું અહીં ભાગ્ય છે ના; તો યે સીમંધર અને વીરના ધ્વનિના, –પડઘા સુણાય મધુરા ગુરુકહાન–પ્રવચનોમાં.

વૈશાખ સુદ ચોથની સવારે ૧૬ મંગલ સ્વપ્નોનું ઉત્તમફળ, દેવીઓ દ્વારા માતાજી સાથે તત્ત્વચર્ચા, ભક્તિ વગેરે દ્રશ્યો થયા હતા. બપોરે મલાડના જિનમંદિર તથા કળશ–ધ્વજની વેદીશુદ્ધિ થઈ હતી. રાત્રે શ્રીકૃષ્ણના નાનકડા ભાઈ ગજકુમારના વૈરાગ્ય જીવન સંબંધી નાટક થયું હતું. તથા એક દિવસ રાત્રે મોરબીની રાષ્ટ્રીય– શાળાના બાળકોએ ભક્તિ–નૃત્ય–સંવાદ વગેરે કાર્યક્રમો કર્યા હતા.

જ્યાં લાખો માણસોની અપાર ભીડ. જ્યાં છૂટથી ચાલી પણ ન શકાય, એવી ધમાલ વચ્ચે પણ જ્યારે ધાર્મિક કાર્યક્રમમાં બેઠા હોય ત્યારે હજારો જિજ્ઞાસુઓ એવી શાંતિ અનુભવતા–જાણે કે મુંબઈથી દૂર દૂર બીજે ક્યાંક બેઠા હોઈએ. તેમાંય વૈશાખ સુદ પાંચમના દિવસનું વાતાવરણ તો મુંબઈને માટે આશ્ચર્યકારી હતું. સવારમાં ભગવાન મહાવીરનો અવતાર થયો ને અદ્ભુત હર્ષભર્યા કોલાહલ વચ્ચે ધામધૂમથી જન્મ કલ્યાણક ઉજવાયો. ઇન્દ્રો ભક્તિથી નાચી ઉઠયા. સિદ્ધાર્થ મહારાજાના દરબારમાં પુત્રજન્મની મંગલવધામણીથી આનંદ આનંદ છવાઈ ગયો. વૈભવશાળી આ મુંબઈનગરી આજે સાચી વૈભવવંતી બની. ઇન્દ્રરાજ ઐરાવત લઈને આવી પહોંચ્યા, ને ધામધૂમથી જન્માભિષેકની સવારી મેરુ પર્વત તરફ ચાલી. અદ્ભુત સવારી દેખીને નગરજનો આશ્ચર્યમાં પડી જતા કે શેની છે આ સવારી!! કોણ બેઠું છે આ ગજરાજ ઉપર? કયા મહાત્મા પધાર્યા છે આ નગરીમાં? મુંબઈમાં સવારી તો ઘણી જોઈ હશે પણ આવી અલૌકિક સવારી કોની? અરે, હાથી ઉપર તો ઇન્દ્રરાજ બેઠા છે ને એના ખોળામાં નાનકડા તીર્થંકર શોભી રહ્યા છે. ને એ તીર્થંકરના અભિષેક માટેની આ સવારી બોરીબંદર સામેના મેરુપર્વત તરફ જઈ રહી છે વાહ! ધન્ય બની આપણી આ નગરી– કે જ્યાં તીર્થંકરનો અવતાર થયો. હજારો ભક્તો અદ્ભુત ભક્તિ કરતા કરતા ભગવાનની સાથે જઈ રહ્યા છે. કહાનગુરુ પણ ભગવાનની સાથે સાથે જઈ રહ્યા છે. મેરુપર્વત ઉપર બિરાજમાન ભગવાનનું દ્રશ્ય અદ્ભુત હતું. પરમ ભક્તિથી ઇન્દ્રો અભિષેક કરી રહ્યા હતા. એ જ વખતે ઉપર હેલિકોપ્ટર વિમાનમાંથી બે વાર પુષ્પવૃષ્ટિ પણ થઈ હતી. જિનેન્દ્ર મહિમાના દ્રશ્યોથી ભક્તજનો આનંદિત થતા હતા. આનંદપૂર્વક ભગવાનનો જન્માભિષેક થયો. બપોરે

બાલ તીર્થંકર વીરકુંવરનું પારણા ઝૂલન થયું. અહા, નાનકડા તીર્થંકરને અમે ભક્તિથી ઝૂલાવી રહ્યા છીએ,–અમારા આ હાથ આજે સફળ છે; અને આ ભગવાન મોટા થઈને દિવ્યધ્વનિ વડે જ્યારે અમને વીતરાગભાવના ઝૂલે ઝુલાવશે ત્યારે અમારું જીવન સફળ થશે,–આવી અંતર્ ઉર્મિઓથી હજારો ભક્તો હીરની દોરી વડે પ્રભુને હીંચોળી રહ્યા હતા. રાત્રે ટૂંડલા જૈનકલાકેન્દ્ર ભજન મંડળીએ ભગવાનના ગર્ભથી માંડીને પારણાઝુલન સુધીના ભાવો નૃત્ય અભિનય–દ્વારા દર્શાવ્યા હતા, જે સુંદર અને રોમાંચક હતા. રાત્રે સિદ્ધાર્થ મહારાજાની રાજસભા પણ થઈ હતી. ભગવાનના વિવાહ માટે પ્રસ્તાવ રજુ થયો. પરંતુ ભગવાન તો વિવાહને બદલે વૈરાગ્ય પામ્યા, ને બાર ભાવના ચિંતવવા લાગ્યા.

વૈશાખ સુદ છઠ્ઠની સવારમાં જ લૌકાંતિક દેવોએ આવીને પ્રભુજીની સ્તુતિ પૂર્વક વૈરાગ્યનું અનુમોદન કર્યું. ઇન્દ્રો દીક્ષાકલ્યાણક ઉજવવા પાલખી લઈને આવી પહોંચ્યા. અને વીર ભગવાન તો વીતરાગમાર્ગે સંચર્યા. દીક્ષા માટે વનગમનની ભવ્ય યાત્રા નીકળી.....દીક્ષાવનમાં (ખેતવાડી–વીલ્સન હાઈસ્કૂલમાં મોટા ઝાડ નીચે) ચારે બાજુ અપાર ભીડ ને કોલાહલ વચ્ચે પણ ચૈતન્યની પરમ શાંતિમાં લીન થઈને વીરનાથે મુનિદશા પ્રગટ કરી. ધન્ય એ મુનિદશા! ધન્ય એ પાવન દ્રશ્ય! મોહમયી નગરીમાં નિર્મોહી મુનિરાજને દેખીને અનેરું વાતાવરણ છવાઈ ગયું હતું. ભગવાનની દીક્ષા પછી ગુરુકહાને એ મુનિદશાની ભાવના ભાવી અને એ દશાનો પરમ મહિમા પ્રગટ કર્યો. જેનું ઈન્ડીયન ન્યુઝરીલ (ભારતીય સમાચાર ચિત્ર) સરકાર તરફથી ઉતારવામાં આવ્યું છે, (–જે આ સમાચાર આપ વાંચતા હશો ત્યારે ઘણું કરીને ભારતના થીએટરોમાં દેખાડાતું હશે.) દીક્ષાવનમાં ગુરુદેવનું ધારાવાહી પ્રવચન અદ્ભુત હતું.

આજે વૈશાખ સુદ છઠ્ઠે મુંબઈના જિનમંદિરને દસવર્ષ પૂરા થતા હતા તેથી મંદિર ઉપર ધ્વજારોહણ થયું હતું. સાંજે ઘાટકોપર–જિનમંદિરની વેદીશુદ્ધિ તથા કલશ–ધ્વજ શુદ્ધિ થઈ હતી. રાત્રે ટૂંડલાના જિનેન્દ્ર કલાકેન્દ્ર તરફથી બાકીનાં ત્રણ કલ્યાણકોના ભાવોની સુંદર રજુઆત નૃત્ય નાટિકા દ્વારા થઈ હતી, –જેમાં રીંછદ્વારા મુનિભક્તિનું દ્રશ્ય આનંદકારી હતું.

વૈશાખ સુદ સાતમ (બુધવારે) મુનિરાજ મહાવીર ભગવાનના આહારદાનનું પવિત્ર દ્રશ્ય હૃદયમાં ભક્તિ જગાડતું હતું મુનિરાજનું પહેલવહેલું આહારદાન દેખીને હજારો ભક્તો અનુમોદી રહ્યા હતા. આહારદાનનો લાભ બલુભાઈ ચુનીલાલ શાહ (આટકોટવાળા) ને પ્રાપ્ત થયો હતો, ને તે પ્રસંગે તેમણે બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા પણ

અંગીકાર કરી હતી. ( આઝાદ મેદાનની બાજુમાં જ આહારદાન વિધિ થઈ હતી. ) બપોરે ગુરુદેવના સુહસ્તે જિનબિંબો ઉપર અંકન્યાસવિધાન થયું, –જેમાં કુલ ૬૨ જિનબિંબો ઉપર ગુરુદેવે અંકન્યાસ કર્યું. વિદેહના વીસ તીર્થંકર ભગવંતો, ભારતના ૨૪ તીર્થંકર ભગવંતો એમ તીર્થંકર ભગવંતોનો મેળો એકસાથે દેખતાં પ્રસન્નતા થતી હતી. ત્રણ માસમાં જ ત્રણવાર પંચકલ્યાણક અને સો જેટલા જિનબિંબોની સ્થાપના થઈ–એવી જિનશાસનની મહાન પ્રભાવના ગુરુદેવના પ્રતાપે થઈ રહી છે; ને હજારો જીવો ગુરુદેવના પ્રવચન દ્વારા જૈનધર્મનો વીતરાગી સન્દેશ સાંભળીને પોતાને ધન્ય સમજે છે.

બપોરે કેવળજ્ઞાન કલ્યાણક પૂજન અને સમવસરણ રચના થઈ હતી. દિવ્યધ્વનિનો સાર ગુરુદેવે પ્રવચનદ્વારા સમજાવ્યો હતો. ગુરુદેવ વારંવાર કહેતા કે ભગવાને દિવ્યધ્વનિમાં જે કહ્યું તે જ વાત સાક્ષાત્ સાંભળીને કુંદકુંદાચાર્યદેવે આ સમયસારમાં સમજાવી છે, ને તે જ વાત અહીં કહેવાય છે. અત્રે ટૂંડલા ભજનમંડળીનો કાર્યક્રમ હતો.

વૈશાખ સુદ સાતમ ( બીજી ) ગુરુવારે સવારમાં નિર્વાણકલ્યાણકવિધિ બાદ તરત જિનેન્દ્રભગવંતોની મલાડ જિનમંદિરે પધરામણી થઈ. જિનેન્દ્રભગવંતોની પ્રતિષ્ઠા કરવા ગુરુદેવ પણ મલાડ પધાર્યા, ને હજારો ભક્તોએ હોંશથી સ્વાગત કર્યું. મંદિરની ચારે બાજુ બે સુમાર ભીડ અને અપાર હર્ષનાદ વચ્ચે જિનેન્દ્રભગવંતોને બિરાજમાન કર્યાં. મૂળનાયક ભગવાન ઋષભદેવને બિરાજમાન કરવાનો લાભ મણિલાલ જેઠાલાલ શેઠ અને તેમના ભાઈઓએ લીધો હતો. આજુ બાજુમાં વાસુપૂજ્ય ભગવાનને તથા મલ્લિનાથભગવાનને બિરાજમાન કરવાનો લાભ નવનીતભાઈ સી. ઝવેરી તથા ચંદ્રકાંતભાઈ હરિલાલ દોશીએ–લીધો હતો. આ ઉપરાંત ઉપરના ભાગમાં સીમંધરાદિ વીસ વિહરમાન ભગવંતોની પ્રતિષ્ઠા થઈ હતી, જેમાં જુદા જુદા ભક્તોએ ઉત્સાહથી પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો. એકસાથે વીસવિહરમાન ભગવંતોની સ્થાપનાના આ પ્રસંગે ઘણો ઉલ્લાસ હતો. ઉપરથી હેલિકોપ્ટર–વિમાન દ્વારા પુષ્પવૃષ્ટિ થતી હતી. આકાશમાંથી થતી એ પુષ્પવૃષ્ટિનું દૃશ્ય મનોહર હતું ને મંદિરની ચારે બાજુ જાણે ઝગઝગતા રત્નો વરસતા હોય એવું લાગતું હતું. જિનેન્દ્રમહિમાના અવનવા દૃશ્યો દેખતાં આનંદ થતો હતો. મલાડ નગરીનું વાતાવરણ જ આજે બદલાઈ ગયું હતું. જાણે આખી નગરી એકલા જૈનોથી જ ભરેલી હોય ! આમ આનંદપૂર્વક મલાડ જિનમંદિરમાં જિનેન્દ્રભગવંતોની પ્રતિષ્ઠા થઈ.–ત્યાં બિરાજમાન સર્વે જિનેન્દ્રભગવંતોને નમસ્કાર હો ( તે ભગવંતોનું દૃશ્ય આવતા અંકમાં આપવા પ્રયત્ન કરીશું. )

બીજે દિવસે વૈશાખ સુદ આઠમે ઘાટકોપર મુકામે જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા કરવા ગુરુદેવ પધાર્યા ને હજારો ભક્તોએ હોંશથી સ્વાગત કર્યું, મંદિરની ચારેબાજુ બેસુમાર ભીડ ને અપાર હર્ષનાદ વચ્ચે જિનેન્દ્ર ભગવંતોને બિરાજમાન કર્યા. મૂળનાયક નેમિનાથ ભગવાનને બિરાજમાન કરવાનો લાભ શેઠશ્રી મણિલાલ જેઠાલાલ અને તેમના ભાઈઓએ લીધો હતો; સીમંધરભગવાનને બિરાજમાન કરવાનો લાભ જયંતીલાલ બેચરદાસ દોશીએ લીધો હતો. આ ઉપરાંત ઉપરના ભાગમાં ઋષભાદિ ચોવીસ ભગવંતોની પ્રતિષ્ઠા થઈ હતી, તેમાં જુદા જુદા ભક્તોએ ઉત્સાહથી પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો. એક સાથે ચોવીસ ભગવંતોની સ્થાપનાના આ પ્રસંગે ઘણો ઉલ્લાસ હતો. ઉપરથી હેલિકોપ્ટર-વિમાન દ્વારા પુષ્પવૃષ્ટિ થતી હતી, -ને સૌને આનંદિત કરતી હતી. જોકે અહીં ઘાટકોપર ઉપરથી રોજ સેંકડો મોટા મોટા વિમાનો પસાર થતા હોય છે, પણ આ રીતે જિનેન્દ્ર- ભગવંતો ઉપર પુષ્પવૃષ્ટિ કરવા માટે ઊડી રહેલું હેલિકોપ્ટર વિમાન દેખીને આખી નગરી આશ્ચર્ય પામતી હતી. જિનેન્દ્ર મહિમા આખી નગરીમાં પ્રસરી ગયો હતો. આમ આનંદપૂર્વક ઘાટકોપર-જિનમંદિરમાં જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા થઈ. ત્યાં બિરાજમાન સર્વે જિનેન્દ્ર ભગવંતોને નમસ્કાર હો (તે ભગવંતોનું દ્રશ્ય આવતા અંકમાં આપવા પ્રયત્ન કરીશું)

ઘણા આનંદપૂર્વક બંને ઠેકાણે જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા થઈ; અને મંદિર ઉપર કલશ-ધ્વજ ચઢયા. અને એ જિનેન્દ્રધામ શોભી ઊઠયા.

બપોરે શાંતિયજ્ઞ બાદ ભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી હતી, ને આનંદભર્યા જય જયકારપૂર્વક મંગલ ઉત્સવ પૂરો થયો. આ માટે મુંબઈ નગરીના મુમુક્ષુઓને ધન્યવાદ!

મુંબઈ મુમુક્ષુ મંડળના ઉત્સાહી પ્રમુખશ્રી રમણીકલાલ જેઠાલાલ શેઠ તથા મંત્રીજી વગેરે બધા ઉત્સાહી કાર્યકરો, તેમજ મલાડના પ્રમુખશ્રી ધીરજલાલ ભાઈલાલ ડેલીવાળા, તથા ઘાટકોપરના પ્રમુખશ્રી મનમોહનદાસ છોટાલાલ ગાંધી, -વગેરે સૌએ ઉલ્લાસપૂર્વક ઉત્સવને શોભાવ્યો હતો. માત્ર બે ત્રણ માસમાં મલાડ તેમજ ઘાટકોપર બંને જગ્યાએ ભવ્ય ઊંચા જિનાલયો તૈયાર થઈ ગયા, તે જિનમંદિરો દેખીને આશ્ચર્ય અને આનંદ થાય છે.

આ ઉત્સવના પ્રસંગોનું વર્ણન શક્ય તેટલું સુંદર કરવા પ્રયત્ન કર્યો છે. પરંતુ મુંબઈના મુશ્કેલી-ભર્યા વાતાવરણમાં સંપાદકથી કેટલાક કાર્યમાં પહોંચી શકાતું ન હતું,

તેથી કોઈ કોઈ પ્રસંગોનું વર્ણન બાકી રહી ગયું હોવાનો સંભવ છે.

છેલ્લે હર્ષપૂર્વક એક જરૂરી વાતની ખાસ નોંધ લઈશું કે અમદાવાદની જેમ અહીં મુંબઈ નગરી કે જ્યાં જૈનોની લાખથી અધિક સંખ્યા હોવાનો સંભવ છે–ત્યાં પણ, દિગંબર જૈનસમાજના આ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવમાં મુંબઈના શ્વેતાંબર જૈનસમાજે અત્યંત મધ્યતાથી, માત્ર મધ્યસ્થતાથી નહિ પણ પ્રેમભાવથી બને તેટલો સહકાર આપીને આખા જૈનસમાજનું ગૌરવ વધાર્યું છે. જરાય વિખવાદનું નામ નિશાન પરસ્પર ક્યાંય બન્યું નથી. મુંબઈ માટે, ને આખા ભારતના જૈનસમાજ માટે આ શોભાની વાત છે, તેનાથી જૈનસમાજનું ગૌરવ વધ્યું છે. ને ભગવાન જિનેન્દ્રદેવને સૌ પ્રાર્થના કરીએ કે ભારતભરમાં આ પ્રકારે પરસ્પર મિત્રતાનું વાતાવરણ ફેલાય ને જૈનશાસનનો ઝંડો ઉન્નત ગગનને શોભાવે.

**જય જિનેન્દ્ર**

**જૈનં જયતુ શાસનમ**

## વૈરાગ્ય સમાચાર

ચૈત્ર સુદ ૧૨ ના રોજ બપોરે રાજકોટમાં ગુરુદેવનું પ્રવચન ચાલી રહ્યું હતું; દેહથી ભિન્ન, 'હું એક શુદ્ધ સદા અરૂપી' એવા આત્મઅનુભવનું વર્ણન ચાલી રહ્યું હતું, હજારો શ્રોતાઓ એના શ્રવણમાં મશગુલ હતા; ત્રણને માથે ચાલીસ મિનિટ થઈ હતી; ત્યાં પ્રવચન સાંભળતાં–સાંભળતાં ગોંડલના કેશુભાઈ પટેલનું માથું એકાએક ઢળી ગયું. કોઈને એમ કે ગરમી લાગવાથી આમ થયું હશે એટલે હવા નાંખી; પણ એનું તો પ્રાણપંખેરું જ ઊડી ગયું હતું. પટેલ–કણબી હોવા છતાં જૈનધર્મનો તેમને સારો રસ હતો, તેમણે ગુરુદેવ સાથેના યાત્રાસંઘમાં તીર્થયાત્રા પણ કરી હતી. ગોંડલ–જિનમંદિરના કાર્યોમાં તેઓ ઉત્સાહથી ભાગ લેતા હતા. ચૈત્ર સુદ તેરસના પ્રસંગે રાજકોટ ખાસ લાભ લેવા આવેલા, ત્યા પ્રવચન સાંભળતાં સાંભળતાં જ સ્વર્ગવાસ પામી ગયા! રે અનિત્ય સંસાર! એને છોડીને ધ્રુવપદ સાધવા જેવું છે. સ્વર્ગસ્થ આત્મા તત્ત્વસંસ્કારમાં આગળ વધીને આત્મહિત પામે–એમ ઈચ્છીએ છીએ.

સનાવદના ભાઈ બાબુલાલજી ધન્નાલાલસા ચૈત્ર વદમાં સ્વર્ગવાસ પામી ગયા છે. ગુરુદેવ પ્રત્યે તેમને પ્રેમ હતો ને અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા. દેવગુરુશરણે તેઓ આત્મહિત પામે.

ફોન નં : ૩૪ "આત્મધર્મ" Regd. No. G. 182

## જૈનદર્શન શિક્ષણવર્ગ

સોનગઢમાં દરવર્ષની માફક જૈન વિદ્યાર્થી ભાઈઓ માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ વૈશાખ વદ ૧૦ ને રવિવાર તા. ૧૧-૫-૬૯ થી શરૂ થઈને જેઠ સુદ ૧૪ તા. ૩૦-૫-૬૯ સુધી પૂ. ગુરુદેવની મંગલ-છત્રછાયામાં ચાલશે. આ શિક્ષણનો લાભ લેવા ઈચ્છા હોય તેમણે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો.

**શિક્ષણવર્ગ**
**જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

**(બે માસના શિક્ષણ શિબિર સંબંધી માહિતિ પ્રાપ્ત થયે પ્રગટ કરીશું)**

## ગુરુદેવનો પ્રવાસ કાર્યક્રમ-

મુંબઈમાં આનંદપૂર્વક પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયા બાદ મલાડ તથા ઘાટકોપરના જિનાલયોમાં જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા કરીને પૂ. ગુરુદેવ તા. ૫-૫-૬૯ ના રોજ વિમાન દ્વારા મુંબઈથી ઈન્દોર પધારશે; છઠ્ઠી તારીખે ત્યાં રહેશે; અને ત્યાંથી તા. ૭ તથા ૮ ના રોજ મક્ષીજી મુકામે નવા જિનાલયમાં પાર્શ્વનાથ ભગવાનના ભવ્ય પ્રતિમાજી (-કે જેના પર અંકન્યાસ રણાસણમાં થયું હતું) તેની પ્રતિષ્ઠા કરવા પધારશે. ત્યાંથી તા. ૯ મી એ ઈંદોર થઈને મુંબઈ; અને તા. દશમીએ વિમાનદ્વારા ભાવનગર થઈને તે જ દિવસે સોનગઢ પધારશે. મક્ષીજીમાં વેદી પ્રતિષ્ઠાનું મૂરત વૈશાખ વદ સાતમ (તા. ૮) ના રોજ છે.

## નવીન પ્રકાશનો-

* ઘણા જિજ્ઞાસુઓમાં જેની માંગણી હતી તે ગ્રંથાધિરાજ સમયસારની નવી ગુજરાતી આવૃત્તિનું પ્રકાશન વૈશાખ સુદ બીજે થયું છે. કિંમત રૂા. ૬: ૫૦
* સમ્યગ્દર્શન (પુસ્તક પહેલું) મરાઠી ભાષામાં પ્રકાશન થયું છે; કિંમત રૂા. એક.
* ગુરુદેવનો જીવન પરિચય આ નવીન પુસ્તક સૌને ઉપયોગી છે, ગુરુદેવના જીવનના અવનવા પ્રસંગો આપને આનંદ પમાડશે. કિંમત એક રૂપિયો.

---

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (પ્રતઃ ૨૫૦૦)